સંદેશ (ગાંધીનગર આવૃત્તિ), પાના નં. ૦૫, તા. ૦૨.૦૫.૨૦૨૪

સુઘડ કેનાલ પરના કેબલ સ્ટેડ સહિતના પુલોનું લોડ ટેસ્ટિંગ કરાયું, જરૂરી વજન સાથેની ચાર મેટ્રો ટ્રેન એકસાથે મૂકી પુલની સ્ટ્રેન્થ ચકાસાઈ

# ગાંધીનગરમાં જુલાઈના અંત સુધીમાં મેટ્રો ટ્રેન દોડતી થશે

## મોટેરાથી સેક્ટર-૧ના અનુભાગમાં મેટ્રોને શરૂ કરવા અધૂરા કામોને ઝડપથી પૂરા કરવાનો ધમધમાટ

ગાંધીનગર

ગાંધીનગર- અમદાવાદ વચ્ચે મેટ્રો ટ્રેન જુલાઈ અંત સુધીમાં દોડતી થઈ જશે. આ માટે આજે સુઘડ નર્મદા કેનાલ પરના કેબલ સ્ટેડ પુલનું લોડ ટેસ્ટિંગ કરવામાં આવ્યું હતું. પુલની ઉપર ચાર મેટ્રો ટ્રેન એકસાથે મૂકીને લોડ ટેસ્ટિંગ કરવામાં આવ્યું હોવાનું ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશન લિ. દ્વારા જણાવવામાં આવ્યું હતું. મેટ્રોના કારણે ગાંધીનગર- અમદાવાદ ટ્વીન સિટી વચ્ચેનું અંતર પણ ઘટી જશે. ખાસ કરીને અમદાવાદથી ગાંધીનગર અપડાઉન કરતાં સરકારી કર્મચારીઓને ટુંક સમયમાં એક નવું અને ઝડપી ટ્રાન્સપોર્ટેશન મળી શકશે. મુલાકાતીઓ માટે પણ મેટ્રો ટ્રેન એક સરળ અને ઝડપી યાતાયાત માટેનું સાધન બનશે. ગાંધીનગરમાં મેટ્રો ટ્રેન શરૂ કરવા માટે છેલ્લા ઘણા દિવસોથી ધમધોકાર તૈયારીઓ ચાલી રહી છે. અત્યારસુધી



જૂનના અંતે કમિશનર ઓફ મેટ્રો રેલ સેફ્ટીનું કોમ્પ્લાયન્સ પૂર્ણ કર્યા બાદ મંજૂરી મળ્યે મેટ્રો શરૂ કરાશે

ધોળાકૂવા, સેક્ટર-૧, સેક્ટર-૨ સહિતના સેક્ટરોમાં મેટ્રો ટ્રેનનો ટ્રાયલ ટેસ્ટ કરાતો હતો. મેટ્રો ટ્રેનને ધીરેધીરે ટ્રેક પર ચાલતી જોઈને શહેરીજનો પણ મનોમન ખૂશ થતા હતા. કારણ પાટનગર ગાંધીનગરમાં મેટ્રો ટ્રેન શરૂ થવાના દિવસો હવે બહુ દૂર નથી. જ્યાં ઈલેક્ટ્રિકની સુવિધા છે ત્યાં મેટ્રો ટ્રેન દોડાવવામાં આવતી હતી અને જ્યાં વીજ સુવિધા નહોતી તે ટ્રેક પર મેટ્રોને આગળ ધક્કા ગાડી જોડીને ટ્રાયલ કરવામાં આવતો હતો.

અનુસંધાન **પાના નં.૨ ઉપર**

અનુસંધાન પાના નં.૦૨

છેલ્લાં પાનાનું ચાલુ

### ગાંધીનગરમાં જુલાઈના

મોટેરાથી ગાંધીનગરમાં સેક્ટર-૧ના અનુભાગમાં મેટ્રો ચાલુ થઈ જાય તે માટેની કામગીરીને આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે. જે કંઈ થોડુંઘણું કામ બાકી છે તેને ઝડપથી પુરી કરી દેવામાં આવશે.

ઉલ્લેખનીય છે કે, અમદાવાદ- ગાંધીનગર ફેઝ-૨ના પ્રોજેક્ટમાં ફેબ્રુઆરીના છેલ્લા સપ્તાહથી ટ્રાયલ રન તબક્કાવાર રીતે શરૂ કરવામાં આવ્યો હતો. મેટ્રોના ટ્રાયલ રનની શરૂઆત જીએનએલયુ અને સેક્ટર-૧ વચ્ચેથી થઈ હતી. મોટેરા સ્ટેડિયમથી મહાત્મા મંદિર તથા ગિફ્ટ સિટી લીંક સુધીનો આ પ્રોજેક્ટ માં અંદાજે ૨૮ કિમીના અંતરમાં ૨૨ સ્ટેશનો આવશે. અગાઉ જૂન મહિનામાં મેટ્રો ટ્રેન શરૂ કરવાની વાત હતી. હવે ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશન દ્વારા જુલાઈ મહિનાનો વાયદો કરાયો છે.

મેટ્રોના રૂટમાં બે મુખ્ય પુલ, સાબરમતી પરનો ગિફ્ટસિટી પાસેનો પુલ તથા સુઘડ નર્મદા કેનાલ પરનો કેબલ સ્ટેડ પુલ આવે છે. આ તમામ પુલ તૈયાર થઈ ગયા છે. જેનું લોડ ટેસ્ટીંગ કરવામાં આવ્યું હતું. નર્મદા કેનાલના પુલ ઉપર જરૂરી વજન સાથેની ચાર મેટ્રો ટ્રેનો એકસાથે મૂકીને લોડ ટેસ્ટીંગ કરવામાં આવ્યું હતું. લોડ ટેસ્ટીંગમાં બીજની સ્ટ્રેન્થ ચકાસવામાં આવી હતી. જણાવી દઈએ કે, લોકસભા ચૂંટણી પુર્વે જીએમઆરસી કંપની દ્વારા ટ્રેક ટેસ્ટીંગ અને ટ્રાયલ રનની શરૂઆતની જાહેરાત કરવામાં આવી હતી. ચૂંટણી દરમિયાન સેક્ટરોમાં મેટ્રો જોવા પણ મળતી હતી. આ રીતે નાગરિકોના મનમાં એક ખાતરી બેસાડવાની કોશિશ કરાઈ કે, ગાંધીનગર-અમદાવાદ વચ્ચે મેટ્રો ટ્રેન આ વર્ષે શરૂ થઈ જશે. હવે ચૂંટણીનું પરિણામ આવવાની તૈયારી છે. તે માહોલમાં પુલોનું લોડ ટેસ્ટીંગ કરીને ફરી લોકોને ઠસાવવામાં આવ્યું કે, ફેઝ-૨ પ્રોજેક્ટ પુર્ણતાના આરે છે. આજે કંપની દ્વારા જાહેરાત કરવામાં આવી કે, જુલાઈ મહિનાના અંત સુધીમાં મેટ્રો ટ્રેન દોડાવવાનું અપેક્ષિત છે. હજુ અન્ય જગ્યાઓએ પણ લોડ ટેસ્ટીંગ કરવાનું બાકી છે, તથા કેટલાક સ્ટેશનોની કામગીરી બાકી છે. આ તમામ કામગીરી થોડા સમયમાં પુર્ણ કરી દેવાશે. ત્યારબાદ જૂન મહિનાના અંત સુધીમાં કમિશનર ઓફ મેટ્રો રેલ સેફ્ટીને ચકાસણી કરવાનું જણાવાશે. આ ચકાસણીની પ્રક્રિયામાં સીએમઆરએસના રીમાર્કસ તથા તેનું કોમ્પ્લાયન્સ પુર્ણ કરાશે. અને તે પછી આખરી મંજૂરી મળતાવેંત જુલાઈના અંત સુધીમાં મેટ્રોની ટ્રેનો ગાંધીનગર -અમદાવાદ વચ્ચે દોડતી કરવામાં આવશે.